ખાતેદાર ખેડૂતોને આકસ્મિક મૃત્યુ/ કાયમી અપંગતાના કિસ્સામાં વીમા રક્ષણ આપવા અંગેની ગુજરાત સામુહિક જુથ (જનતા) અકસ્માત વિમા યોજના હેઠળની ખાતેદાર ખેડૂત અકસ્માત વિમા યોજના
ચાલુ બાબત : વર્ષ ૨૦૧૯ - ૨૦

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ક્રમાંક............
2 MAY 2019
661
શાખા............

ગુજરાત સરકાર
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,
ઠરાવ ક્રમાંક- બજટ/૧૦૨૦૧૯/૧૦૦૨/ક-૭
સચિવાલય, ગાંધીનગર
તા.૦૮/૦૪/૨૦૧૯

વંચાણે લીધા:

૧. કૃષિ, સહકાર અને ગ્રા.વિ. વિભાગનો તા.૧૨/૧/૧૯૯૬નો ઠરાવ ક્રમાંક- પરચ/૧૧૯૫/૧૨૬૦/મ.૩
૨. કૃષિ,ખે.ક. અને સહકાર વિભાગનો તા. ૦૩/૦૪/૨૦૧૮ નો ઠરાવ ક્રમાંક- બજટ/૧૦૨૦૧૭/૨૨૯૬/ક-૭
૩. ખેતી નિયામકશ્રીની કચેરીનો તા.૨૮-૦૩-૨૦૧૯ નો પત્ર ક્રમાંક: ઈકો – ૪/ ખાખેવિ/ ફા.નં. ૨૦/ ૫૬૫૮-૫૯/૧૯

આમુખ:-

ઉપર વંચાણમાં લીધેલ ક્રમાંક (૧) મુજબના ઠરાવથી ખાતેદાર ખેડૂતોને આકસ્મિક મૃત્યુ/ કાયમી અપંગતાના કિસ્સામાં વીમા રક્ષણ આપવાની યોજના ૨૬ મી જાન્યુઆરી ૧૯૯૬ થી અમલમાં મુકવામાં આવેલ છે. વંચાણે લીધેલ (૨) મુજબના ઠરાવથી સદર યોજનાને વર્ષ ૨૦૧૮-૧૯ માટે ચાલુ રાખવાની વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. વંચાણમાં લીધેલ ક્રમાંક (૩) મુજબના પત્રથી ખેતી નિયામકશ્રી દ્વારા સદર ચાલુ યોજનાની વર્ષ ૨૦૧૯-૨૦ ના અંદાજપત્રમાં બજેટ સદર (૨૪૦૧-૧૧૦-૦૬) હેઠળ થયેલ રૂ. ૫૬૦૦.૦૦/- લાખની જોગવાઈને વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરેલ હતી જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

સરકારશ્રીની પુખ્ત વિચારણાને અંતે ૧૦૦% રાજ્ય પુરસ્કૃત ખાતેદાર ખેડૂતોને આકસ્મિક મૃત્યુ/ કાયમી અપંગતાના કિસ્સામાં વીમા રક્ષણ આપવા અંગેની ગુજરાત સામુહિક જુથ (જનતા) અકસ્માત વિમા યોજના હેઠળની ખાતેદાર ખેડૂત અકસ્માત વિમા યોજના માટે વર્ષ ૨૦૧૯-૨૦ ના અંદાજપત્રમાં થયેલ રૂ. ૫૬૦૦.૦૦/- લાખની જોગવાઈને ખર્ચ કરવા નીચે જણાવેલ શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:-

૧) સને ૨૦૧૯-૨૦ ના વર્ષની બજેટ જોગવાઈને આધિન અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.
૨) જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.
૩) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતો-વખત નક્કી કરવામાં આવેલ જોગવાઈઓ અને લાગુ પડતા ધારાધોરણને આધિન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૫) પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક.એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઈ-ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઈઓ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૬) આ મંજુરી અન્વયે જો કોઈ પણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

૭) આ યોજના હેઠળ જગ્યાઓની મંજુરી મેળવવાની થતી હોય તો તે માટે અલગથી મંજુરી માટે દરખાસ્ત કરવાની રહેશે.

૮) વર્ષના અંતે જો કોઈ રકમ બચત રહે તો તે પરત કરવાની રહેશે.

૯) વર્ષ ૨૦૧૯-૨૦ ના અંદાજપત્ર અન્વયે વિધાનસભામાં મંજૂર થયેલ લેખાનુદાન જોગવાઈ અને તેને અનુલક્ષીને નાણાં વિભાગ દ્વારા ફાળવણી થનાર ગ્રાંટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

૧૦) સદર યોજના હેઠળ રાજ્યના તમામ ખાતેદાર ખેડૂતો, ખાતેદાર ખેડૂતોના પતિ/ પત્નિ, તેમજ ખાતેદાર ખેડૂતોના તમામ સંતાનોને વીમા કવચ હેઠળ આવરી લેવા માટે નાણાંકીય વર્ષની શરૂઆત પહેલાં ખેતી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા વીમા નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરને નિયત થયેલ પ્રીમિયમ ચૂકવવાનું રહેશે.

૧૧) વીમા નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા વીમાના મળેલ દાવાઓ, મંજુર/ નામંજુર થયેલ દાવાઓ તેમજ મંજુર દાવાઓ પૈકી ચૂકવાયેલ રકમ અંગેનો અહેવાલ દર મહિને ખેતી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરને આપવાનો રહેશે.

૧૨) સદર યોજનાનો અમલ સરકારશ્રી દ્વારા વખતો – વખત બહાર પાડવામાં આવેલ ઠરાવોની સુચનાઓ મુજબ કરવાનો રહેશે.

૨. આ અંગેનો ખર્ચ નીચે જણાવેલ બજેટ સદરે ઉધારવાનો રહશે.

માંગણી નં.- ૨

મુખ્ય સદર- ૨૪૦૧ - પાક કૃષિ વ્યવસ્થા.

ગૌણ સદર - ૧૧૦ – પાક વિમો

પેટા સદર- ૦૬ - ખાતેદાર ખેડૂતોને આકસ્મિક મૃત્યુ/ કાયમી અપંગતાના કિસ્સામાં વીમા રક્ષણ આપવાની યોજના

૩. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાંણા સલાહકારશ્રી (કૃષિ)ની તા. ૦૪/૦૪/૨૦૧૯ ની તથા અધિક મુખ્ય સચિવશ્રી (કૃષિ)ની તા. ૦૪/૦૪/૨૦૧૯ ની નોંધથી મળેલ અનુમતીથી કરવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જી.કે.ઠાકોર)

સેક્શન અધિકારી

કૃષિ, ખે.ક. અને સહકાર વિભાગ

પ્રતિ:-